# સરહદી વિવાદ ઉકેલવા ભારત-ચીન સંમત

## આઠ સમજૂતિ થઈ : મનમોહનસિંહની ચીની વડાપ્રધાન સાથે વિસ્તૃત મંત્રણા : સરહદી વિવાદ સહિત તમામ વિવાદો ઉપર ગંભીરતાપૂર્વક ચર્ચા : બંને દેશો એકબીજાના હિતોને નુકસાન પહોંચાડશે નહીં : ચીનના વડાપ્રધાનની ખાતરી

નવી દિલ્હી,તા. ૨૦

ભારત અને ચીન આજે સરહદી વિવાદનો અંત લાવવા આખરે સહમત થયા હતા. સાથે સાથે આઠ સમજૂતિ પર પણ હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. બંને દેશોના વડાપ્રધાનોની હાજરીમાં આઠ મહત્વપૂર્ણ સમજૂતિ પર સહી સિક્કા થયા હતા. આ અગાઉ વડાપ્રધાન મનમોહનસિંહ અને ચીનના નવા વડાપ્રધાન લી કેકિયાંગ વચ્ચે શીખર વાતચીત યોજાઈ હતી. મનમોહનસિંહ અને લી કેકિયાંગે આ પ્રસંગે એક સંયુક્ત પત્રકાર પરિષદ પણ યોજી હતી જેમાં ચીની વડાપ્રધાને કહ્યુ હતુ કે બંને દેશો વચ્ચે આ મુલાકતથી આત્મવિશ્વાસ વધ્યો છે. વિશ્વાસ નિર્માણની પ્રક્રિયા વધુ તીવ્ર બની છે. જે કાંઈ પણ વિવાદ છે તે ઉકેલી લેવામાં આવશે. ચીની વડાપ્રધાને કહ્યુ હતુ કે ભારતીય વડાપ્રધાનને મળીને તેઓ ખુશ થયા છે. સરહદી વિવાદને શાંતિ અને સાનુકૂળ વાતાવરણમાં ઉકેલી લેવામાં આવશે. આના માટે વાતચીતનો સીલસીલો જારી રહેશે. સંરક્ષણ ક્ષેત્રમાં પણ સમજૂતિ થઈ છે. ચીની વડાપ્રધાને કહ્યુ હતુ કે બંને દેશો એક બીજાના હિતોને નુકસાન પહોંચાડવા ઈચ્છતા નથી. વિવાદોને પાછળ છોડીને હિતોનું ધ્યાન રાખવામાં આવે તે જરૂરી છે. જળસંશાધનના મામલા પર સંકલન વધારવામાં આવશે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે ભારત અને ચીનના વિકાસ વિના એશિયા મજબુત થશે નહીં. એશિયના હિત માટે બંને દેશો સાથે મળીને આગળ વધે તે જરૂરી છે. ભારત સાથે પારસ્પરિક વિશ્વાસને વધારવા પર તેમણે ભાર મુક્યો હતો. ભારત અને ચીન વર્લ્ડ ઈકોનોમિના એન્જીન હોવાની પણ લી કેકિયાંગે કબૂલાત કરી હતી. આ અગાઉ મનમોહનસિંહે કહ્યુ હતુ કે ચીન સાથે સંબંધો વધુ મજબુત બનશે. બંને દેશ સરહદ પર શાંતિ ઈચ્છે છે. બંને દેશો વચ્ચે સરહદી પ્રશ્ને વાતચીત થઈ છે. આ વાતચીત બંને દેશોના પ્રતિનિધિઓ વચ્ચે થઈ છે. સિંહે એમ પણ કહ્યુ હતુ કે એલએસી પર જેવી સ્થિતિ છે તેવી સ્થિતિને જાળવી રાખવા માટે સહમતિ થઈ છે. બીજી વખત તંગદિલી ઉભી ન થાય તેના માટે પ્રયાસ કરવામાં આવશે. તેમણે ઉમેર્યં હતુ કે લી કેકિયાંગની ભારત યાત્રા ખૂબજ મહત્વપૂર્ણ અને ખુશીની વાત છે. ભારત અને ચીન વચ્ચે ઘણા પારસ્પરિક મુદ્દા પર ચર્ચા થઈ છે. બંને દેશો વચ્ચે ખુબ સારા સંબંધ દક્ષિણ એશિયા માટે પણ ખૂબ મહત્વ પૂર્ણ છે. ચીનના બજારને ભારત માટે ખોલવા માટે પણ સંમતિ થઈ છે. પત્રકાર પરિષદ પહેલા ભારત અને ચીન વચ્ચે આઠ મહત્વપૂર્ણ સમજૂતિ થઈ હતી બ્રહ્મપુત્ર નદી પર ભારત-ચીન વચ્ચે કરાર થયા છે. કૃષિ અને જળસંસાધન ક્ષેત્ર, વાણિજ્ય અને વેપારને લઈને પણ સમજૂતિ થઈ છે. કૈલાસ માનસરોવર યાત્રાને લઈને પણ સમજૂતિ થઈ છે. મેન્યુફેક્ચરીંગ ક્ષેત્રમાં રોકાણ માટે પણ ચીનને આમંત્રણ અપાયુ છે.

અગાઉ ચીનને કઠોર સંદેશ આપતા વડાપ્રધાન મનમોહનસિંહે લડાખમાં તાજેતરમાં ચીની સૈનિકોની ઘૂસણખોરીનો પ્રશ્ન ઉઠાવ્યો હતો અને ચીની વડાપ્રધાન લી કિંવગને કહ્યું હતું કે સરહદ ઉપર શાંતિ સ્થાપિત કર્યા વગર દ્વિપક્ષીય સંબંધોમાં વધારે સુધારો થશે નહીં. સંબંધો ઉપર પ્રતિકૂળ અસરો થશે. બંને નેતાઓ વચ્ચે આશરે એક કલાક સુધી ગઈકાલે સાનુકૂળ વાતાવરણમાં ચર્ચા વિચારણા થઈ હતી. બે મહિના અગાઉ વડાપ્રધાનની જવાબદારી સંભાળ્યા બાદ પોતાની પ્રથમ વિદેશ યાત્રાના ભાગરૂપે ૫૭ વર્ષીય લી ગઈકાલે ભારત પહોંચ્યા હતા. લીએ વડાપ્રધાન સિંહના સત્તાવાર આવાસ ઉપર વાતચીત કરી હતી. આ પ્રસંગે બંને પક્ષોના વિશ્વાસુ લોકો પણ ઉપસ્થિત હતા. બંને નેતાઓ વચ્ચે થયેલી વાતચીતમાં જટિલ સરહદી વિવાદ, સરહદ પાર કરતી નદીઓ અને વેપાર મુદ્દાઓ ઉપર ચર્ચા થઈ હતી. બંને નેતાઓ વચ્ચેની વાતચીત એવા સમયે યોજાઈ છે જ્યારે ચીની સૈનાએ હાલમાં જ લડાખમાં ઘૂસણખોરી કરી હતી અને ઘણા દિવસ સુધી ચીની સૈનિકો ભારતીય ક્ષેત્રમાં રહ્યા હતા. ચીની સૈનિકોએ લડાખના દેપસાંગ ખીણમાં ૧૯ કિલોમીટર અંદર સુધી ઘૂસણખોરી કરી હતી. આ બનાવના એક મહિના બાદ વાતચીત



યોજાઈ છે. આ વિવાદનો ઉકેલ બે સપ્તાહ પહેલા જ આવ્યો છે. બંને નેતાઓની બેઠકમાં મુખ્ય ભાર એ મુદ્દા ઉપર રહ્યો હતો કે સરહદ ઉપર યથા સ્થિતિ જાળવી રાખવામાં આવે. સિંહે ચીન દ્વારા યથા સ્થિતિના ભંગ કરવાના મામલે ભારતની ગંભીર ચિંતાઓ રજૂ કરી હતી.

# ઉત્તરપ્રદેશમાં અમિતશાહના પ્રવેશથી હવે નવા સમીકરણો

## લોકસભા માટેની ચૂંટણીમાં ૨૫થી વધુ બેઠકો મળવાની સ્થિતિમાં એનડીએની તક વધી શકે : નિષ્ણાંતનો અભિપ્રાય

લખનૌ,તા. ૨૦

ઉત્તરપ્રદેશના રાજકારણમાં ભારે ફેરફારની શક્યતા દેખાઈ રહી છે. ભાજપના પ્રભારી તરીકે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના વિશ્વાસુ અને ગુજરાતના પૂર્વ પ્રધાન અમિતશાહને મોટી જવાબદારી સોંપવામાં આવી છે પરંતુ અમિતશાહ સામે પણ ઉત્તર પ્રદેશમાં ઘણા પડકારો રહેલા છે. અમિતશાહ માટે ભાજપની સ્થિતિને મજબૂત કરવાની બાબત સરળ રહેશે નહીં. નરેન્દ્ર મોદીના વર્ચસ્વના પરિણામ સ્વરૂપે અમિતશાહને મોટી જવાબદારી મળી હોવાનું જાણવા મળ્યુ છે. અમિતશાહને મોટી જવાબદારી મળ્યાબાદ ઉત્તરપ્રદેશના રાજકારણમાં નવા સમિકરણો રચાય તેવા સંકતે દેખાઈ રહ્યા છે. ધ્રુવીકરણ વધી શકે છે. ઉત્તર પ્રદેશના રાજકારણમાં અમિતશાહના પ્રવેશથી જ રાજકીય તેજી આવી ગઈ છે. ભાજપના કાર્યકરોમાં ઉત્સાહ વધી ગયો છે. ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને વડાપ્રધાન તરીકે પ્રોજેક્ટ કરવાને લઈને હિલચાલ ચાલી રહી છે. રાજકારણની દૃષ્ટિએ દેશના સૌથી મોટા રાજ્ય ઉત્તરપ્રદેશમાં ભાજપની હાજરીને મજબુત કરવા અમિતશાહને મુખ્ય જવાબદારી સોંપાઈ છે. પક્ષના

આંતરિક સૂત્રો પણ માને છે કે ઉત્તર પ્રદેશમાં અમિતશાહની એન્ટ્રીથી મોદીને ચોક્કસપણે ફાયદો થશે. લોકસભાની સામાન્ય ચૂંટણીમાં ઉત્તર પ્રદેશ ૮૦ વિજેતાઓને મોકલે છે આવી સ્થિતિમાં મોદી ઉત્તર પ્રદેશ જેવા મહત્વના રાજ્યની અવગણના કરી શકે નહીં. અલબત્ત કેન્દ્રિય નેતાગીરી માને છે કે ૨૫ ભાજપના સાંસદો પણ કેન્દ્રમાં સત્તા પર પરત ફરવાની ભાજપના નેતૃત્વમાં એનડીએની તકોને વધારી શકે છે. અમિતશાહની એન્ટ્રી અને મોદીના વર્ચસ્વથી ઉત્તરપ્રદેશમાં ધ્રુવીકરણની રાજનીતિ તીવ્ર બનશે. છેલ્લી થોડીક ચૂંટણીથી મુસ્લિમો સમાજવાદી પાર્ટીથી અલગ થયા છે. બસપ દલીતો અને બ્રાહ્મણ મતો પર ધ્યાન આપી રહી છે.

# સંજય દત્ત આર્થર રોડ જેલમાં મહિનો ગાળશે

મુંબઈ,તા. ૨૦

અભિનેતા સંજય દત્તને હાલમાં આર્થર રોડ જેલમાં રાખવામાં આવ્યો છે પરંતુ તેને પૂણેની યેરવાડા જેલમાં ખસેડવાને લઈને ભારે અસમંજસની સ્થિતિ સર્જાયેલી છે. હાલમાં તે આર્થરરોડ જેલમાં આગામી એક મહિના સુધી રહે તેવી શક્યતા છે.

યોજનામાં ફેરફારના સંબંધમાં કોઈ કારણો આપવામાં આવ્યા નથી. અગાઉ સંજય દત્તે તેના જીવ પર ખતરો હોવાના કારણો આપીને પૂણેની યેરવાડા જેલમાં શરણાગતિ સ્વીકારવા માટેની અપીલ કરી હતી પરંતુ મોડેથી આ અપીલ પાછી ખેંચી લધી હતી અને કોર્ટના આદેશને સ્વીકારી લેવાની તૈયારી દર્શાવી હતી. આર્થરરોડ જેલનો ઉપયોગ મોટા ભાગે કાચા કામના કેદીઓ માટે કરવામાં આવે છે જ્યારે અપરાધી ઠેરવવામાં આવેલા ગુનેગારોને મહારાષ્ટ્રમાં સેન્ટ્રલ જેલમાં ખસેડવામાં આવે છે. શુક્રવારના દિવસે અભિનેતાના વકીલે સંજય દત્તને અંડા સેલમાંથી ખસેડવા કોર્ટ સમક્ષ મૌખિક વિનંતી કરી હતી કારણ કે સંજય દત્તે ગુંગળામણની ફરિયાદ કરી હતી. વર્ષ ૧૯૯૩ના મુંબઈ સિરિયલ બ્લાસ્ટ કેસમાં સજાનો સામનો કરવા સંજય દત્તે ગુરુવારના દિવસે શરણાગતિ સ્વીકારી લીધી હતી ત્યારબાદ તેને આર્થરરોડ જેલમાં હાઈસિક્યુરિટી જેલમાં લઈ જવાયો હતો. ૫૩ વર્ષિય સંજય દત્તને મધ્ય મુબઈમાં જેલમાં લઈ જવાયો હતો. અગાઉ સંજય દત્તે સુપ્રીમ કોર્ટના આદેશને ધ્યાનમાં લઈને ટાડા કોર્ટ સમક્ષ શરણાગતિ સ્વીકારી હતી તે પહેલાથી જ જેલમાં ૧૮ મહિનાનો સમય ગાળી ચુક્યો છે.

# વર્લ્ડ ઇકોનોમિના એન્જીન ભારત-ચીન વધુ નજીક છે

## કૈલાસ માનસરોવર યાત્રા અંગે સમજૂતિ

નવી દિલ્હી,તા. ૨૦

ભારત અને ચીન વચ્ચે આજે આઠ મહત્વપૂર્ણ સમજૂતિ પર સહી સિક્કા થયા હતા. બંને દેશો વચ્ચે સંબંધોમાં નવી શરૂઆત થઈ રહી છે. બંને દેશો કબૂલી ચુક્યા છે કે ભારત અને ચીન વર્લ્ડ ઈકોનોમિના એન્જીન તરીકે છે અને વિવાદોને પાછળ છોડીને હીતોને ધ્યાનમાં રાખવામાં આવે તે જરૂરી છે. ચીની વડાપ્રધાન અને ભારતના વડાપ્રધાન મનમોહનસિંહ ગઈકાલ બાદથી બે વખત વાતચીત કરી ચુક્યા છે. આજે ચીની વડાપ્રધાનની ભારત યાત્રાના બીજા દિવસે બ્રહ્મપુત્ર નદી પર ભારત અને ચીન વચ્ચે સમજૂતિ થઈ હતી બને દેશોએ કૃષિ, જળસંશાધન, વાણિજ્ય અને વેપારને લઈને પણ સમજૂતિ પર પહોંચ્યા હતા. કૈલાસ માન સરોવર યાત્રને લઈને પણ મહત્વપૂર્ણ સમજૂતિ થઈ છે. કૈલાસ માનસરોવરની યાત્રામાં હંમેશા મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાય છે જેના કારણે ભારતે આ મુદ્દો પણ જોરદાર રીતે ઉઠાવ્યો હતો. કૈલાસ માનસરોવરની યાત્રા દરમિયાન ભારતીય શ્રદ્ધાળુઓને કોઈ તકલીફ ન પડે તેને લઈને ચીની વડાપ્રધાન લી કેકિયાગ સમક્ષ ચર્ચા થઈ હોવાનું જાણવા મળ્યુ છે. તમામ પ્રકારના વિવાદો બંને પક્ષો સંમતિથી ઉકેલવા ઈચ્છુક બન્યા છે.

# સોનામાં રૂપિયા ૩૦૦, ચાંદીમાં રૂપિયા ૧૨૦૦નો થયેલો કડાકો

## પ્રતિ દસગ્રામ સોનાનો ભાવ રૂપિયા ૨૬૧૦૦થી ૨૬૩૦૦ની સપાટી ઉપર બંધ

નવી દિલ્હી,અમદાવાદ, તા.૨૦



વૈશ્વિક સ્તરે અમેરિકા ફેડરલ રિઝર્વ રાહત પેકેજ પાછા ખેંચીલે તેવી શક્યતા અને તેના લીધે મોંઘવારી માઝા મુકે તેવા ડરના કારણે સોના-ચાંદીના ભાવ છેલ્લા આઠ સત્રથી સતત તુટી રહ્યા છે. જે સિલસિલા આજે પણ યથાવત રહ્યો હતો. જેનાં કારણે અમદાવાદ બુલીયન બજારમાં સોનાનાં ભાવ રૂપિયા ૩૦૦ અને ચાંદીના ભાવ રૂપિયા ૧૨૦૦ના ઘડાટા સાથે બંધ રહ્યા હતા. અમદાવાદ બુલીયન બજારમાં આજના કારોબાર દરમિયાન સોનાના ભાવનું લેવલ એક મહિનામાં સૌથી નબળું જણાયું છે. સોનામાં સતત વેચવાલીના કારણે સોનામાં ભાવ આજે ૨૧ મહિનાનાં તળીયે પહોંચી ગયા હતા. આજનાં કારોબારના અંતે ૧૦ ગ્રામ સોનાના ભાવ રૂપિયા ૩૦૦નાં ઘટાડા સાથે રૂપિયા ૨૬૧૦૦ થી ૨૬૩૦૦ની સપાટી ઉપર બંધ રહ્યા હતા. જે ૧૦મી ઓગસ્ટ ૨૦૧૧ બાદ સૌથી નીચલું સ્તર છે. ગત સપ્તાહના અંતે સોનાનાં ભાવ રૂપિયા ૨૬૪૦૦ થી ૨૬૬૦૦ની સપાટી ઉપર સ્થિર હતા. જ્યારે બીજી બાજુ ચાંદીમાં પણ સતત ઘટાડો નોંધાઈ રહ્યો છે. જેનાં કારણે આજે અમદાવાદ બુલીયન બજારમાં ચાંદી છેલ્લા ૩૧ મહિનાની સૌથી નીચી સપાટી બનાવી લીધી છે. આજનાં કારોબારના અંતે પ્રતિ કિલોગ્રામ ચાંદીના ભાવ રૂપિયા ૧૨૦૦નાં ઘટાડા સાથે રૂપિયા ૪૧૭૦૦ થી ૪૧૮૦૦ની સપાટી ઉપર બંધ રહ્યા હતા. જે ૨૬મી નવેમ્બર ૨૦૧૦ બાદ ચાંદીમાં નોંધાયેલી સૌથી નીચી સપાટી છે. ગત સપ્તાહના અંતે ચાંદીના ભાવ રૂપિયા ૪૨૫૦૦ થી ૪૩૦૦૦ની સપાટી ઉપર સ્થિર હતા. તો ચાંદીનાં પગલે આજે અમદાવાદ બુલીયન બજારમાં રૂપામાં પણ ઘાટોડ જોવા મળ્યો હતો. દિવસના કારોબારનાં અંતે આજે પ્રતિ કિલોગ્રામ રૂપાના ભાવ રૂપિયા ૮૦૦નાં ઘટાડા સાથે રૂપિયા ૪૧૨૦૦ થી ૪૧૭૦૦ની સપાટી ઉપર બંધ રહ્યા હતા. જે શનિવારે રૂપિયા ૪૨૦૦૦ થી ૪૨૫૦૦ની સપાટી ઉપર સ્થિર હતા. દરમિયાન સોના ચાંદી બજારમાં આજે કડાકો બોલી ગયો હતો. સોનાની કિંમતમાં ભારે ઘટાડો જોવા મળ્યો હતો. વિદેશી માર્કેટોમાં જારી રહેલી મંદીની અસર સોનાની કિંમત પર થઈ છે. વાયદાના કારોબારમાં સોનાની કિંમત પર દબાણની સ્થિતિ સર્જાઈ છે.

# દેશભરમાં રોજગારીની તકો વધશે

## નોકરીયાત વર્ગ માટે ખૂબ જ સારા સમાચાર : પગાર વધારો ૧૨ ટકા : દેશના મોટા શહેરોને આવરી લઈને કરવામાં આવેલા અભ્યાસમાં કરાયેલો દાવો : આવનાર મહિનામાં ભરતી અને પગાર વધારો બંને વધુ તીવ્ર બનશે

નવી દિલ્હી,તા. ૨૦

નોકરી મેળવવા ઈચ્છુક લોકો માટે ખૂબ સારા સમાચાર છે. મળેલી માહિતી મુજબ આગામી મહિનાઓમાં ભરતીની પ્રક્રિયા વધુ તીવ્ર બનાવવામાં આવનાર છે. પગાર વધારો આ વર્ષે એકંદરે ૧૨ ટકાની આસપાસ રહેવાની સંભાવના દેખાઈ રહી છે. આ વર્ષે ઉદ્યોગો અને અન્યો ક્ષેત્રોમાં રોજગારીનું ચિત્ર ગુલાબી દેખાઈ રહ્યુ છે. સ્ટાફીંગ સર્વિસની મોટી સંસ્થા ટીમલીઝે કહ્યુ છે કે વર્ષ ૨૦૧૩ માટે ટીમલીઝ પગાર પ્રિમિયરના જણાવ્યા મુજબ ભરતીની પ્રક્રિયા સતત વધી શકે છે. પગાર વધારો પણ સારો રહી શકે છે. મોટા ભાગના ઉદ્યોગમાં આ પ્રકારની સ્થિતિ છે. ૩૧૮ જુદા જુદા જોબ પ્રોફાઈલ, ૧૫ ઈન્ડસ્ટ્રીઝ, આઠ ફંકશનલ ડોમેઈનને આવરી લઈને કરવામાં આવેલા અભ્યાસમાં આ મુજબની વાત જાણવા માળી રહી છે. ભારતના નવ મોટા શહેરોમાં કંપનીઓને અભ્યાસના ભાગરૂપે આવરી લેવામાં આવી હતી જેમાં ભરતીની પ્રક્રિયામાં ૧૧ ટકાનો વધારો અને પગારમાં ૧૨ ટકાનો વધાર થવાની શક્યતા દેખાઈ રહી છે. અભ્યાસમાં જાણવા મળ્યુ છે કે સ્થિતિ ગુલાબી છે. ટીમલીઝ સર્વિસના અધિકારીઓનું કહેવું છે કે વૈશ્વિક પરિવર્તનના દોર વચ્ચે પણ ભારત માટે સ્થિતિ ખૂબ સારી છે. ભારતીય શ્રમ બજાર માટે આવનાર દિવસો પણ સારો છે. મોટા ભાગની કંપનીઓ કુશળતા અને પગાર વધારા વચ્ચે સંતુલન જાળવી રાખવા માટે ઈચ્છુક છે. જોબ માર્કેટની સ્થિતિ ખૂબ સારી દેખાઈ રહી છે. કાયમી પગારદાર અને કામચલાઉ પગારદાર વચ્ચે અંતર હવે ઓછુ થઈ રહ્યુ છે. ૧૫ ઈન્ડસ્ટ્રીઝ પૈકીની ૧૧ ઈન્ડસ્ટ્રીઝ કર્મચારીઓને લાંબા સમય સુધી જાળવી રાખવા ઈચ્છુક દેખાઈ રહી છે. પગાર વધારાની દૃષ્ટિએ મુંબઈ અને દિલ્હીએ બેંગ્લોરને પછડાટ આપી છે. પૂણેમાં પણ પગારવધારો ખૂબ સારો નોંધાયો છે. બીજીબાજુ પગાર વધારો સતત જારી રહ્યો છે. કુશળ લોકોને સારા પગાર ચુકવવામાં આવી રહ્યા છે. ટેલેન્ટ જાળવી રાખવા માટે કંપનીઓ વચ્ચે તીવ્ર સ્પર્ધાઓ પણ જોવા મળી રહી છે. વિશ્વના મોટા ભાગના દેશોમાં હાલ મંદીનું વાતાવરણ છે ત્યારે ભારતમાં સ્થિતિ સુધારાવાળી છે. ભારતમાં સુધારા પ્રક્રિયાને ઝડપી બનાવવામાં આવી છે. આ ઉપરાંત જુદા જુદા ક્ષેત્રોમાં ઘણી બધી રાહતો પણ આપવામાં આવી છે.

# રેલવે લાંચ કેસ મામલે દરોડા અંગેની સિંઘલાને અગાઉ જાણ કરાઈ હતી

## સીબીઆઈ અધિકારીનો ચોંકાવનારો ધડાકો : પૂર્વ રેલવે પ્રધાન પવનકુમાર બંસલના સગા સંબંધીઓને આવરી લેતા બે કેસોમાં તપાસ અંગે માહિતી આપી હતી

નવી દિલ્હી,તા. ૨૦

રેલવે લાંચ કૌભાંડના મામલામાં



વધુ એક ચોંકાવનારી કબૂલાત કરવામાં આવી છે જેના ભાગરૂપે એક સીબીઆઈના અધિકારીએ સેન્ટ્રલ એડમીનીસ્ટ્રેટીવ ટ્રિબ્યુનલ (સીએટી) સમક્ષ એવી ચોંકાવનારી કબૂલાત કરી છે કે તેમના સિનીયર ઓફિસરે બે કેસમાં તપાસમાં દરમિયાનગીરી કરી હતી. ભૂતપૂર્વ રેલવે પ્રધાન પવનકુમાર બંસલના સગા સંબંધી અને સાથીઓને આવરી લેતા બે કેસોમાં તપાસ ઉપર વર્ચસ્વ જમાવવાના પ્રયાસ કર્યા હતા. ડીઆઈજીએ દરોડા અંગે વિજય સિંઘલાને પહેલાથી જ માહિતી આપી દીધી હતી તેવો ધડાકો સીબીઆઈના અધિકારીએ કર્યો છે. આને લઈને ફરી એકવાર ખળભળાટ મચી ગયો છે. બંસલ સાથે નજીકના પારિવારિક સંબંધો ધરાવતા સીબીઆઈના ચંદીગઢ ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ મહેશ અગ્રવાલ સામે ૧૫મી મેના દિવસે ઈન્સ્પેક્ટર બલબીરસિંહે એફિડેવીટમાં જણાવ્યુંહતું કે અગ્રવાલે દિલ્હીની સીબીઆઈ ટીમના દરોડા અંગે મહત્વપૂર્ણ માહિતી લીક કરી દીધી હતી. બંસલના ભત્રીજા વિજય સિંઘલાના આવાસ ઉપર ત્રીજી મેના દિવસે ૧૦ કરોડની રેલવે લાંચના સંબંધમાં દરોડા પાડવામાં આવ્યા ત્યારે માહિતી લીક કરી દીધી હતી. સીબીઆઈ અધિકારીના આ ઘટસ્ફોટથી ડીઆઈજીની મુશ્કેલી વધી ગઈ છે. ડીઆઈજીએ દરોડા અંગે અગાઉથી જ માહિતી આપી દીધી હતી. બલબીરસિંહે એવો દાવો પણ કર્યો છે કે અગ્રવાલે ભ્રષ્ટાચારના કેસમાં ચંદીગઢ મ્યુનિસીપલ કોર્પોરેશનના સંયુક્ત કમીશનર રાજીવ ગુપ્તાની તરફેણ કરવા જુનિયર અધિકારીઓને મનાવવાના પ્રયાસ કર્યા હતા. રાજીવ બંસલના નાણાંકીય ઓડીટરના ભાઈ છે અને સુનિલ ગુપ્તાના નજીકના સાથી છે. અગ્રવાલ ૧૯૯૪ની બેચના તમીલનાડુ કેડરના આઈપીએસ ઓફિસર છે. સાથે સાથે બંસલના સંબંધી છે. વર્ષ ૨૦૦૬માં એસપી તરીકે તેઓ ચંદીગઢ આવ્યા હતા. ત્યારબાદ ડીઆઈજી રેન્ક તરીકે પ્રમોટેડ કરવામાં આવ્યા હતા. ભાજપના નેતાઓનો દાવો છે કે વર્ષ ૨૦૦૬માં જ્યારે બંસલ મનમોહનસિંહ કેબીનેટમાં જોડાયા હતા.

## સમાચાર ઝલક

- દાઉદના શખ્સોની ધમકીઓથી ફિક્સીંગ થયાનો નવો ખુસાલો.
- તા.૨૨મી મેએ યુ.પી-૨ ચૌથી વર્ષગાંઠ ઉજવશે.
- આ.બી.આઇ. વ્યાજદર તા. ૧૭મી જૂનના દિવસે ઘટાડે તેવી શક્યતા.
- ધોરણ-૬ થી ૮નાં પુસ્તકો બદલાશે, સરકારનો નિર્ણય.
- ગુજરાતમાં કાળઝાળ ગરમીમાં પેટાચૂંટણીના પ્રચારમાં ગરમાવો, ૩૩ ઉમેદવારો વચ્ચે જંગ.
- બીસીસીઆઇની મહત્ત્વની બેઠકમાં રાજીવ શુક્લા, અરૂણ જેટલી ગેરહાજર.
- ભારતમાં બાળલગ્નમાં પાંચ વર્ષમાં ૬ ટકાનો વધારો.
- મહિલા જજે પતિ સાસુ સામે અત્યાચારનો કેસ કર્યો.
- સુપ્રિમકોર્ટનો ઐતિહાસીક ચુકાદો, સહકારી બેંકોને રાજકારણના પંજામાંથી મુક્ત કરાવી કૌભાંડો અટકાવવાના હેતુથી ચીટ ફંડ નાબૂદ કરવાની હિલચાલ.
- કાર્ટૂન ચેનલોની બાળકોના માનસ પર વિપરીત વસ્તુઓ દર્શાવાયી રહી હોવાની ફરિયાદ.
- કેન્દ્રીયમંત્રીઓ ગરમીમાં ટાઢક લેવા વિદેશ યાત્રાએ.
- રાષ્ટ્રપતિ ફાંસિની સજાનો આદાર નક્કી કરે : સુપ્રીમ કોર્ટ.
- દવાનુ દુકાનોને ટી.બી.ના દર્દીઓને મફ્ત દવા અપાશે, સરકારે નક્કી કરેલ દુકાનોએથી લાલ અપાશે.
- સંપ ત્યાં જપ - ગુજરાતના ભાગનગર જિલ્લામાં એક જ પરિવારના ૨૦૦ સભ્યો સાથે રહે છે.
- હજુ વધુ કાળઝાળ ગરમી માટે તૈયાર રહેજો. ગુજરાતમાં ૪૫ ડિગ્રીએ પારો પહોંચશે.
- બ્રાન્ડ આઈપીએલનો ફુગ્ગો ફટી ગયો, જાહેરાતની આવક ઘટવા લાગી.
- વાયદા કારોબાર દેશની અર્થવ્યવસ્થા માટે ધીમુ ઝેર છે : મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી.
- રાજકોટમાં જવેલર્સને ત્યાં ઇન્કમટેક્સના દરોડા.
- ચીનના વડાપ્રધાન સામે તિબેટવાસીઓને દેખાવો.
- નોઇડા-દિલ્હીમાં ભીષણ આગ.
- મુંબઇમાં ૪ કરોડના હીરાની લૂંટ..
- નાગપુરમાં ૪૭ ડિગ્રીએ પહોંચ્યું તાપમાન, ગરમીથી લોકો પરેશાન.